# ઘરકામ કરતી મહિલાએ વૃધ્ધાને વિશ્વાસમાં લઈ ૧૦ લાખ રોકડા, ૫૦ લાખના દાગીના પડાવી લીધા

## છેલ્લા ૧૦ વર્ષથી ઘરકામ કરતી મહિલાએ કટકે કટકે ઉછીનાનાં બહાને પૈસા અને દાગીના પડાવ્યા : વૃધ્ધાના મૃત્યુ બાદ ચીઠ્ઠી મળી આવતા પુત્રીએ નોંધાવી ફરિયાદ

ભાવનગર,તા.૩

શહેરના સુભાષનગર રીંગરોડ પર અને હાલ અમદાવાદ મેમનગર વિસ્તારમાં રહેતી મહિલાએ ભાવનગર ખાતે રહેતી અને ઘરકામ કરતી મહિલા સામે તેમની માતા પાસેથી ૧૦ વર્ષમાં કટકે કટકે ઉછીના દવાના બહાને રૂપીયા ૧૦ લાખ રોકડા અને ૫૦ તોલા સોનું પડાવી લીધું હોવાની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શહેરના સુભાષનગર રિંગરોડ પર લક્ષ્મી સોસાયટીના ૩૮-બી માં રહેતા અને હાલ અમદાવાદ ખાતે મેમનગર વિસ્તારમાં રહેતા ટ્વિન્કલબેન ચંદ્રકાંતભાઈ શાહ નામની મહિલાએ ભાવનગરના ઘોઘારોડ પોલીસ મથકમાં શિવાજી સર્કલ પાસે પંચવટી સોસાયટી રાજહંસ ફ્લેટ ૪૦૫ નંબરમાં રહેતા ગીતાબેન હસમુખભાઈ પરમાર સામે એવા મતલબની ફરીયાદ નોંધાવેલ કે લક્ષ્મી સોસાયટીમાં રહેતા તેમના માતાના ઘરે ગીતાબેન છેલ્લા ૧૦ વર્ષથી ઘરકામ કરતા હોય તેની માતાને વિશ્વાસમાં લઈને ૧૦ વર્ષ દરમિયાન કટકે કટકે ઉછીનાના બહાને રૂપીયા ૧૦ લાખ રોકડા અને લોકરમાંથી ૫૦ તોલા સોનાના દાગીના તે સમયેની કિંમત રૂપીયા ૧૩.૫૦ લાખ મળી કુલ ૨૩.૫૦ લાખ લઈ જઈ પરત ન આપી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવાઈ હતી. ફરિયાદમાં જણાવેલ કે તેમના પિતા આરબીઆઈમાંથી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ માતા-પિતા ભાવનગર એકલા રહેતા હતા તેમના લગ્ન થતા તેઓ અમદાવાદ રહે છે અને તેનો ભાઈ મુંબઈ રહે છે. દરમિયાન ગત તા.૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ તેમની માતાને છાતીમાં દુઃખાવો થતા ડો.સિધ્ધાર્થ મુખર્જીની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ ત્યારે તેમની માતાએ તેમને ગીતાબેનને આપેલા પૈસા અને દાગીના અંગે વાત કરી હતી દરમિયાન તેમની માતાનું તા.૧૮ સપ્ટેમ્બરના રોજ અવસાન થયેલ ત્યારબાદ તેમની માતાએ ગીતાબેનને આપેલા પૈસા અને દાગીનાની તેમના હાથે લખેલી ચિઠ્ઠી મળી આવતા તેઓ ગીતાબેન પાસે આ બાબતે વાત કરતા તેઓએ આનાકાની કરતા આ અંગે ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની કલમ ૩૧૬-૨,૩૧૬-૪ મુજબ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# અવાણીયા પાસે બાઈક અને રિક્ષા ટકરાતા ૩ ઈજાગ્રસ્ત








## લોહીલુહાણ થયેલા ઇજાગ્રસ્તોને ૧૦૮ મારફત હોસ્પિટલ લઈ જવાયા

ભાવનગર,તા.૩

ઘોઘાથી ભાવનગરના માર્ગ પર અવાણીયા ગામ નજીક બાઈક અને લોડિંગ રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં બાઈક પર સવાર ત્રણ યુવાનોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક માહિતી અનુસાર, આ અકસ્માત અવાણીયા ગામ નજીક આવેલા નિરાલી ફાર્મ પાસે થયો હતો. લોડિંગ રિક્ષા અને બાઈક (સાઈન ગાડી) વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. બાઈક પર સવાર શૈલેષ બારૈયા, કિરીટ રાઠોડ અને વનરાજભાઈ બારૈયા નામના ત્રણ યુવાનોને ગંભીર ઈજાઓ થઈ હતી.

અકસ્માત બાદ રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને સેવાભાવી લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્રણેય ઈજાગ્રસ્ત યુવાનોને પ્રાથમિક સારવાર આપી ભાવનગરની સર.ટી. હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડ્યા હતા.

ઘટનાની જાણ થતાં ઘોઘા પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી અને અકસ્માતને કારણે રોડ પર થયેલા ટ્રાફિક જામને હળવો કરવા માટે કામગીરી કરી હતી.

# વલ્લભીપુરમાં ફિલ્મી ઢબે કારનો પીછો કરી પોલીસે દારૂ સાથે ત્રણને ઝડપ્યા

## પોલીસે ત્રણ કિલોમીટર સુધી પીછો કરી આખરે કારને ઝડપી લીધી, કુલ રૂ.૩.૬૮ લાખનો મુદ્દામાલ ઝબ્બે

ભાવનગર,તા.૩

વલ્લભીપુર પોલીસે કંથારિયા ગામ પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે એક કારમાંથી ૧૧૮ બોટલ વિદેશી દારૂ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂ. ૩,૬૮,૪૦૦ આંકવામાં આવી છે.

વલ્લભીપુર પોલીસ સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલને ખાનગી બાતમી મળી હતી કે, રાજપર તરફથી એક સફેદ સ્વિફ્ટ ડિઝાયર કાર નંબર GJ 03 NF 9478 વિદેશી દારૂ ભરીને કંથારિયા તરફ આવી રહી છે.૦બાતમીના આધારે પોલીસે રોડ પર વોચ ગોઠવી હતી. બાતમીવાળી કાર પસાર થતાં પોલીસે તેનો આશરે ૩ કિલોમીટર સુધી પીછો કર્યો હતો. બાદમાં રોડને બંને તરફથી ફોરવ્હીલ વાહનો વડે બ્લોક કરીને કારને રોકવામાં આવી હતી. કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૧૮ બોટલ મળી આવી હતી.પોલીસે આ મામલે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં નરેન્દ્રભાઈ ઉર્ફે નરો બાબુભાઈ દલસાણીયા, દિલીપભાઈ મનુભાઈ ખાચર અને પ્રદીપભાઈ હરેશભાઈ ખાચરનો સમાવેશ થાય છે. પોલીસે કુલ રૂ. ૩,૬૮,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ સમગ્ર ઓપરેશન પી.આઈ. વી.કે. મકવાણાના નેતૃત્વ હેઠળ દિગ્વિજયસિંહ ગોહિલ, ગિરિરાજસિંહ ગોહિલ, પુષ્પરાજસિંહ ગોહિલ, પ્રવીણસિંહ ગોહિલ, વિજયસિંહ ગોહિલ અને જયપાલસિંહ ગોહિલ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું.

# સિહોરની BOB બ્રાંચમાં ૪ માસ અગાઉ ચોરીનો પ્રયાસ કરનાર શખ્સ ઝડપાયો

## સર ગામના પાટીયા પાસે વાહન ચેકિંગમાં સિહોર પોલીસના હાથ લાગ્યો

ભાવનગર,તા.૦૩

સિહોરમાં આવેલી બેંક ઓફ બરોડાની બ્રાંચામાં ગત જુલાઈ માસમાં ચોરીનો પ્રયાસ કરનાર શખ્સને સિહોર પોલીસે સિહોર - ટાણા રોડ સર ગામના પાટિયા પાસેથી ઝડપી લીધો હતો. પોલીસની તપાસમાં શખ્સ સામે ૩૦થી વધારે પોલીસ મથકમાં ગુનો નોધાયા હોવાનું ખુલતા પોલીસે શખ્સની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સિહોરમાં આવેલી બેંક ઓફ બરોડાની બ્રાંચમાં ગત ૨૬ જુલાઈની રાત્રિના સમયે અજાણ્યા ચોરે બેંકની પાછળની ગ્રીલ તોડી બેંકમાં પ્રવેશી કેશ રાખવાની તિજારી દિવાલ તોડવાનો પ્રયાસ કરી ચોરીનો પ્રયાસ કર્યા અંગેની ફરિયાદ બેંકના બ્રાંચ મેનેજરે સિહોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના ચાર મહિના બાદ આજે ચોરનો પ્રયાસ કરનારને ઝડપી લેવાયો છે. સિહોર - ટાણા રોડ પર સર ગામના પાટીયા પાસે સિહોર પોલીસ સ્ટાફ વાહન ચેકિંગમાં હતી ત્યારે જીજે-૦૬-એનડી-૮૩૦૬ નંબરી બાઈકના ચાલક અંકિત રમણભાઈ પાટણવાડીયા (રહે. અકોટ, વડોદરા)ને અટકાવી પુછપરછ કરતા શંકાસ્પદ જણાયો હતો. જેની તપાસ કરતા તેની પાસેથી શટર તોડવાના સાધનો મળી આવતા અટક કરી તેની પુછપરછ કરતા તેણે ચાર માસ પૂર્વે સિહોરની બેંક ઓફ બરોડાની શાખામાં ચોરીના પ્રયાસની કબૂલાત આપી હતી. તેમજ શખ્સ સામે વડોદરાના જુદાં - જુદાં પોલીસ મથકમાં ૩૪ ગુનાઓ નોંધાયા હોવાનું પણ ખુલ્યું હતુ. પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહુવામાં લગ્ન પ્રસંગમાંથી સોનાના આભુષણો ચોરાયા

## પોલીસ ફરિયાદની તજવીજ, સીસીટીવી ના હોવાના કારણે તપાસમાં મુશ્કેલી



ભાવનગર,તા.૦૩

મહુવામાં આવેલી દરજી વાડીમાં ચાલી રહેલા લગ્નપ્રસંગ દરમિયાન જ્ઞાતિ વાડીના ઉપરના માળેથી સોનાના દાગીનાની ચોરી થયાનો બનાવ બન્યો છે. લગ્નના રાસ ગરબા વખતે ઘરેણાં ચોરાયા હોવાની મહુવા પોલીસને જાણ કરવામાં આવી છે. મહુવામાં આવેલી દરજી જ્ઞાતિ વાડી રામવાડીમાં ગત તા.૨૯ના રોજ એક પરિવારના લગ્નપ્રસંગ આયોજીત થયો હતો અને સાંજના સમયે લગ્નપ્રસંગના રાસગરબા નીચેના માળે ચાલી રહ્યાં હોય તેવા સમયે વાડીના ઉપરના માળે આવેલા રૂમ નં.૧માં રાખેલા સોનાના દાગીનાની ચોરી થયાંની ઘટના બની હતી.

લગ્ન પ્રસંગ દરમિયાન જ્ઞાતિ વાડીમાંથી સોનાના ઘરેણાં ચોરાવાના બનાવ અંગે મહુવા પોલીસને જાણ કરવામાં આવી છે. આ મામલે મહુવા પીઆઈએ જણાવ્યું હતું કે, વાડીમાં ચોરી થયાંની જાણકારી પોલીસને મળી છે. લગ્નપ્રસંગની વિધિઓ પતાવીને ફરિયાદ નોંધાવાનું પરિવારે જણાવ્યું હતું. આ મામલે પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન વાડીમાં સીસીટીવી કેમેરા લાગેલા ન હોય પોલીસને તસ્કરને શોધવાની મુશ્કેલી ઉભી થઈ હતી. જ્યારે સીસીટીવી કેમેરા લગાવવાનું જાહેરનામું હોવા છતા વાડીમાં સીસીટીવી કેમેરા લગાવ્યા નહોતા.

## જન્મદિન શુભેચ્છા

### શ્રમ અને રોજગાર મંત્રાલયના જિલ્લા અધિકારી નીરવ દવેનો જન્મદિવસ



રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયમાં ભાવનગર ખાતે જિલ્લા રોજગાર અધિકારી (યુનિ. રોજગાર વિભાગ-કલાસ વન) તરીકે ફરજ બજાવતા અને હાલ ભારત સરકારમાં ડેપ્યુટેશનમાં ફરજરત અધિકારી નિરવભાઈ દવેનો આજે જન્મદિવસ છે. તા.૦૩-૧૨-૧૯૮૧ના રોજ જન્મેલાં નિરવભાઈ હાલ ફરજના કામે બહારગામ છે. તેમને તેમના પિતા, પત્ની અને બાલકો, નાના ભાઈ-ભાભી તથા સાસરી પક્ષ અને શુભેચ્છક, સ્નેહીઓ તથા મિત્રો તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# નેસવડ-તાવેડા વચ્ચે બોલેરોએ અડફેટે લેતા ટ્રેક્ટર ચાલકને ઈજા

ભાવનગર,તા.૦૩

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટા આસરાણા ગામના વતની અને હાલ સુરત રહેતા ભવાનભાઈ રામભાઈ લાડુમોરે મહુવા પોલીસ મથકમાં બોલેરોના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.કે તેમના નાનાભાઈ નરશીભાઈ રામભાઈ લાડુમોર અને છગનભાઈ મકવાણા તેઓનું ટ્રેક્ટર લઈને મહુવાથી તેમના ગામ આસરાણા આવી રહ્યાં હતા ત્યારે નેસવડથી તાવેડા ગામ વચ્ચે પહોંચતા સામેથી આવી રહેલા બોલેરો ચાલકે તેમની સાથે અકસ્માત સર્જી તેમના નાનાભાઈ નરશીભાઈને ઈજાઓ પહોંચાડી હતી.આ અંગે મહુવા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાંધણગેસના સિલિન્ડર રાખી ગેરરીતિ કરતો પરપ્રાંતીય શખ્સ ઝબ્બે, ૧ ફરાર

ભાવનગર,તા.૦૩

રાંધણગેસના સિલીન્ડર ગેરકાયદેસર રાખી આવશ્યક ચિજવસ્તુનો સંગ્રહ કરનાર ઈસમને એસોજીએ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગર એસોજીએ. પોલીસ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતી તે દરમ્યાન મળેલ બાતમી મળી હતી કે , કુંભારવાડા કૈલાસવાડી દૂર્ગામાંના મંદિર પાસે ડેલામાં ભાવનગર ખાતેથી ઈસમ ભોલા અધારેભાઈ સાહની ( રહે. સેંદુલી બારગો, ગોરખપુર ઉત્તર પ્રદેશ હાલ કુંભારવાડા કૈલાસવાડી દુર્ગામાંના મંદિર પાસે ડેલામાં ભાવનગર ) ક્રિશમોહન શંકરપુજારી સહાની આવશ્યક ચીજ વસ્તુઓમાં આવાતા રાંધણ ગેસના સિલિન્ડરો સંગ્રહ કરી ગેરરીતી આચરી રહ્યા છે. જે બાતમીના આધારે એસઓજીના સ્ટાફે કંભારવાડા કૈલાસવાડી દૂર્ગામાંના મંદિર પાસે ડેલામાં દરોડો પાડી તલાશી લેતા ગેસના સિલીન્ડરો ૨૮ રૂ. ૩૬,૦૦૦ તથા ભુંગળી એક રૂ. ૧૦૦ તથા વજન કાંટો કિં. રૂ. ૧૦૦૦ના મળી ૩૭,૧૦૦ મુદ્દામાલ સાથે ભોલા અધારેભાઈ સાહની (રહે. સેંદુલી બારગો, ગોરખપુર ઉતર પ્રદેશ હાલ કુંભારવાડા કૈલાસવાડી દુર્ગામાંના મંદિર પાસે ડેલામાં ભાવનગર)ની ધરપકડ કરી છે. જ્યારે ક્રિશમોહન શંકરપુજારી સહાની ફરાર થઈ ગયો હતો. આ બનાવ સંદર્ભે એસઓજીના પો. કોન્સ કાનજીભાઈ નકુમે બે શખ્સ વિરૂધ્ધ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં આવશ્યક ચીજવસ્તુ ધારા કલમ મુજબ ફરિયાદ નોંધાવી છે.

# નવાબંદર સ્મશાનની પાછળ જાહેરમાં જુગાર રમતા ૪ ઝડપાયા, ચાર ફરાર



એલસીબીએ રોકડ, મોબાઈલ અને બાઈક મળી ૩૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૩

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે નવા બંદર રોડ પર મકાનની પાછળ જાહેરમાં ખુલ્લી જગ્યામાં દરોડો પાડી જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લીધા હતા જ્યારે ચાર શખ્સો ફરાર થઈ ગયા હતા આ બનાવ અને ઘોઘા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધી તપાસ હાથ ધારેલ છે. બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર એલસીબીનો સ્ટાફ ગત રાત્રીના પેટ્રોલિંગમાં હતો ત્યારે ખાનગી રાહે બાતમી મળેલ કે નવાબંદર રોડ, સ્મશાનની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રામે છે. આથી એલસીબીનો સ્ટાફ બાતમી વળી જગ્યાએ જતા જાહેર જગ્યામાં ગોળ કુંડાળું વળી મોબાઈલની લાઇટમાં ગંજીપાના વડે હાથકાપનો જુગાર રમતા રોહિત રમેશભાઈ સોલંકી ઉ.વ.-૨૨, રહે. સાઈઠ ફળી, કરચલિયાપરા, ફિરોજ અહેમદભાઈ મકવાણા રહે.મોરી શેરી ચિત્રા, મનોજ ભોળાભાઈ બારૈયા રહે.દેસાઈનગર તેમજ પ્રકાશ ઉર્ફે પકો કાળુભાઈ મકવાણા રહે. શામળદાસ કોલેજ પાછળ ભાવનગર વાળા મળી આવેલ. તેઓ પાસેથી ગંજીપાનાં તથા રૂ.૧૧.૩૧૦ની રોકડ મળી આવેલ. આ ઉપરાંત ૧ બાઈક કી.રૂ.૨૦,૦૦૦ તથા ૧ મોબાઈલ કી.રૂ. ૫,૦૦૦ મળી કુલ રૂ.૩૬,૩૧૦નો મુદ્દામાલ મળી આવતા જપ્ત કરી ચારેય શખ્સોની અટકાયત કરેલ. જ્યારે નાસી ગયેલા શખ્સો અંગે પુછતા વિજય છગનભાઈ ગોહેલ, શાહરુખ, પ્રિયાંશુ તથા હરેશભાઈ નામના શખ્સો હોવાનું જણાવતા તમામ સામે જુગાર ધારાની કલામ નોંધી ફરિયાદ દાખલ કરી ફરાર થયેલ શખ્સોને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# ઈંગ્લીશ દારૂના સાત ચપટા સાથે કુ.વાડાનો શખ્સ ઝબ્બે

બોરતળાવ પોલીસ મથકના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના કુંભારવાડા સર્કલ પાસેથી વીર મેઘનગર કુંભારવાડા ગીતાબેન પરમારના મકાનમાં ભાડેથી રહેતા આકાશ બીપીનભાઈ રાજગોર નામના શખસને ઈંગ્લીશ દારૂના સાત ચપટા કિ.રૂા.૨૧૭૦ સાથે ઝડપી લઈ પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા, તા. ઘોઘા, જી. ભાવનગર**

**શ્રી હલીમાબેન સીદીકભાઈ શેખ,** **અરજી નં ૧૬૩/૨૦૨૫**
**રહે.મુ. મચ્છીવાડા, તા. ઘોઘા, જી. ભાવનગર** **જન્મ. તા. ૦૯/૦૮/૧૯૬૬**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ઘોઘા, તા. ઘોઘા. જી. ભાવનગર**
**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી હલીમાબેન સીદીકભાઈ શેખ, રહે.મું.ઘોઘા, તા.ઘોઘા, જી.ભાવનગરએ તેમના સગા ભાભીના પુત્રશ્રી મુનાફખા હારૂનખા શેખનોનો જન્મ તા.૦૯/૦૮/૧૯૬૬ના રોજ ગામ :- ઘોઘા, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.


આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૬/૧૧/૨૦૨૫નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**(એસ.એસ.બ્રહ્મભટ્ટ)**
**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**

# સોમનાથ મંદિરમાં NSG અને સ્થાનિક તંત્રની કવાયત



ગીર સોમનાથઃ

હિન્દુ ધર્મમાં આસ્થાનું કેન્દ્ર અને દ્વાદશ જ્યોર્તિલિંગમાંના પ્રથમ એવા સોમનાથ મંદિર વેરાવળમાં આવ્યું છે. ત્યારે અહી મોડી રાતથી વહેલી સવાર સુધી આતંકવાદી હુમલાનો સામનો કરવા માટેની એક સઘન મોકડ્રીલ યોજવામાં આવી હતી.લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને કટોકટીમાં ત્વરિત પ્રતિભાવની તૈયારીઓ ચકાસવા માટે આ કવાયત હાથ ધરાઈ હતી.

આ મોકડ્રીલમાં નેશનલ સિક્યોરિટી ગાર્ડ , પોલીસ વિભાગ, આરોગ્ય, ફાયર સર્વિસ સહિત વહીવટી તંત્રના સંબંધિત વિભાગો અને સોમનાથ ટ્રસ્ટના કર્મચારીઓ સંયુક્ત રીતે જોડાયા હતા. આતંકવાદી હુમલાની સ્થિતિમાં સાવચેતીના પગલાં ચકાસવા માટે બ્લેકઆઉટ સહિતના તમામ સંભવિત તબક્કાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.વહેલી સવાર સુધી ચાલેલી આ કવાયતમાં કટોકટીની સ્થિતિમાં શ્રદ્ધાળુઓને કેવી રીતે બચાવવા, વિવિધ વિભાગોના સંકલનથી તાત્કાલિક પગલાં લેવા અને સુરક્ષા વ્યવસ્થાના મુખ્ય પોઈન્ટ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

મંદિરના મુખ્ય પ્રવેશ દ્વારથી દિગ્વિજય દ્વાર, હમીરજી સર્કલથી ગૌરીકુંડ અને લીલાવતી ભવન, સાગર દર્શન સહિતના પેટ્રોલિંગ પોઈન્ટ્સની સતર્કતા ચકાસવામાં આવી હતી.મંદિરના પાછળના ભાગમાં વોક-વે પેટ્રોલિંગ અને સમુદ્રી સુરક્ષાના પાસાઓનું નિરીક્ષણ કરાયું.

ગંભીર સ્થિતિમાં શ્રદ્ધાળુઓને તાત્કાલિક આરોગ્ય સુવિધા પૂરી પાડવાની વ્યવસ્થાનું પણ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.આ મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળ પર સંભવિત આતંકવાદી હુમલાનો સામનો કરવા માટે પ્રથમ પ્રતિભાવ તરીકે સ્થાનિક તંત્રની તૈયારીઓ સુનિશ્ચિત કરવાનો આ મોકડ્રીલનો મુખ્ય ઉદ્દેશ્ય હતો, જેથી કટોકટીના સમયે ત્વરિત અને અસરકારક કામગીરી કરી શકાય.